# જમીન-મિલકતના સોદામાં હવે ૩૦ દિવસની 135-ડીની નોટિસમાંથી મુક્તિ

**રાજ્ય સરકારનો મહેસૂલ ક્ષેત્રે ઐતિહાસિક નિર્ણય, વટહુકમ પર રાજ્યપાલની લીલીઝંડી**

ગાંધીનગરઃ રાજ્ય સરકારે મહેસૂલ તંત્રમાં વર્ષોથી ચાલી આવતી જટિલ પ્રક્રિયાઓને દૂર કરી પારદર્શિતા લાવવા માટે એક મોટો અને ક્રાંતિકારી નિર્ણય લીધો છે. જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૧૩૫-D માં મહત્ત્વપૂર્ણ સુધારા કરીને હવે બિનતકરારી મિલકત વ્યવહારોમાં ૩૦ દિવસની ફરજિયાત નોટિસના સમયગાળાને નાબૂદ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે આ સુધારો અમલી બનાવવા માટે વટહુકમ બહાર પાડ્યો છે, જેને રાજ્યપાલની પણ લીલીઝંડી મળી ગઈ છે. આ સુધારાના પગલે રાજ્યભરમાં જિલ્લા કલેકટર ઓફિસો અને કોર્ટમાં ચાલી રહેલા 135 ડી નોટિસ સંદર્ભના કેસોનો નિકાલ આવશે.

### હવે 'વેચાણ દસ્તાવેજ' અને 'નોંધ' એક જ દિવસે

રાજ્ય સરકારના કેબિનેટ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ આ નિર્ણયની વિગતો આપતા જણાવ્યું હતું કે, જો જમીન કે મિલકતના વ્યવહારમાં કોઈ વિવાદ ન હોય, તો હવે નાગરિકોએ ૩૦ દિવસ સુધી રાહ જોવી પડશે નહીં. જે કિસ્સામાં ૭/૧૨ના રેકોર્ડ પરના તમામ હકદારોએ દસ્તાવેજમાં સહી કરી હોય, છેલ્લા એક વર્ષમાં રેકોર્ડમાં કોઈ ફેરફાર ન થયો હોય, મિલકત પર કોઈ કોર્ટ કેસ કે લિટીગેશન પડતર ન હોય, આવા કિસ્સાઓમાં ૧૩૫-Dની નોટિસ આપ્યા વગર તે જ દિવસે વેચાણની નોંધ પ્રમાણિત કરીને 'પાકી એન્ટ્રી' પાડી દેવામાં આવશે.

### બ્લેકમેલિંગ અને ખોટા વાંધા-વચકાનો આવશે અંત

વાઘાણીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ૩૦ દિવસની લાંબી નોટિસના ગાળાનો લાભ લઈને કેટલાક તત્ત્વો ખોટા વાંધા ઉઠાવીને વેચનાર કે ખરીદનાર પાસેથી નાણાં પડાવતા (બ્લેકમેલિંગ) હતા. આ નવા સુધારાથી હવે આવા તત્ત્વો પર લગામ લાગશે અને ખેડૂતો તેમજ મધ્યમ વર્ગના પરિવારોને માનસિક અને આર્થિક હેરાનગતિમાંથી મુક્તિ મળશે.

### તપાસવાળા કિસ્સામાં સમયગાળો ૩૦થી ઘટાડી ૭ દિવસ કરાયો

જે કિસ્સામાં પાવર ઓફ એટર્ની (PoA) થી વ્યવહાર થયો હોય, તમામ હકદારોની સહી ન હોય અથવા રેકોર્ડમાં તાજેતરમાં ફેરફાર થયો હોય, તેવા સંજોગોમાં નોટિસનો સમયગાળો ૩૦ દિવસથી ઘટાડીને માત્ર ૭ દિવસ કરી દેવામાં આવ્યો છે. આ ૭ દિવસમાં વાજબી વાંધા રજૂ કરી શકાશે, જેથી સાચા હકદારોના હિતોનું રક્ષણ પણ જળવાઈ રહેશે.

### નિર્ણયની મહત્ત્વની અસરો

● અદાલતી હુકમોઃ સક્ષમ અદાલત કે ટ્રિબ્યુનલના હુકમોની સીધી જ અમલાવારી થશે, નોટિસની જરૂર રહેશે નહીં.
● તકરારી કેસોમાં ઘટાડોઃ મામલતદારથી લઈને SSRD સુધી ચાલતા વર્ષો જૂના કેસો જે માત્ર નોટિસના વિવાદને લીધે અટકેલા હતા, તેનો ઝડપથી નિકાલ આવશે. ● સીધી લીટીના વારસદારોઃ વારસાઈ હક કે મિલકત તબદીલીમાં સીધી લીટીના વારસદારોને પડતી બિનજરૂરી મુશ્કેલીઓ દૂર થશે. ● શહેરી મિલકતોઃ આ સુધારો માત્ર ખેતીની જમીન જ નહીં, પણ શહેરોમાં ફ્લેટ, દુકાન અને મકાનો ખરીદનારા તમામ નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

# ૭૫ વર્ષ જૂના 'ટુકડા ધારા'માં ઐતિહાસિક સુધારો, લાખો ખેડૂતોને મોટી રાહત

**જૂના ટુકડા ધારાનો ભંગ થયો હોય તેવા તમામ કિસ્સાઓમાં કોઈપણ પ્રકારની પેનલ્ટી કે દંડ વગર 'રેગ્યુલાઈઝ' (વિનિયમિત) કરવામાં આવશે**

ગાંધીનગરઃ રાજ્ય સરકારે જમીન મહેસૂલ ક્ષેત્રે આઝાદી પછીનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. ૭૫ વર્ષ જૂના જટિલ 'ટુકડા ધારા-૧૯૪૭' માં વ્યાપક સુધારા કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયથી રાજ્યના ખેડૂતો અને જમીન ધારકો વર્ષો જૂની કાયદાકીય ગૂંચવણોમાંથી કાયમી મુક્ત થશે.

રાજ્ય સરકારના કેબીનેટ પ્રવક્તા સિનીયર મંત્રી જીતુ વાઘાણીએ આ ઐતિહાસિક નિર્ણયની વિગતો આપતા જણાવ્યું કે, વર્ષ ૧૯૪૮થી અત્યાર સુધી જે કિસ્સાઓમાં ટુકડા ધારાનો ભંગ થયો હોય અથવા નિયમ કરતાં નાના ટુકડા પડ્યા હોય, તેવા તમામ કિસ્સાઓને કોઈપણ પ્રકારની પેનલ્ટી કે દંડ વગર 'રેગ્યુલાઈઝ' (વિનિયમિત) કરવામાં આવશે. અગાઉ જંત્રીના ૧૦ ટકા પેનલ્ટી ભર્યા પછી પણ જે વ્યવહારો કાયદેસર થતાં નહોતા, તે હવે આપોઆપ કાયદેસર ગણાશે. સેટલમેન્ટ કમિશનર બિજલ શાહની કમિટીના અભ્યાસ બાદ લેવાયેલો આ નિર્ણય 'ડબલ એન્જિન સરકાર' ની ખેડૂતલક્ષી અભિગમની વધુ એક પ્રતીતિ કરાવે છે. રાજ્યપાલ અને રાષ્ટ્રપતિની મંજૂરી બાદ આ નવા સુધારાઓ ટૂંક સમયમાં રાજ્યભરમાં લાગુ કરવામાં આવશે.

સમગ્ર રાજ્યમાં '૧૦ ગુંઠા'નો એકસમાન નિયમ

અત્યાર સુધી પિયત, બિનપિયત કે બાગાયત જમીન માટે ટુકડાના માપદંડો અલગ-અલગ હોવાથી ખેડૂતો મૂંઝવણમાં રહેતા હતા. હવે આ જટિલતા દૂર કરી સમગ્ર ગુજરાતના ગ્રામીણ વિસ્તારો માટે લઘુત્તમ ક્ષેત્રફળ ૧૦ ગુંઠા નક્કી કરાયું છે. હવેથી ૧૦ ગુંઠાથી ઓછો ટુકડો પાડી શકાશે નહીં, જેથી ખેતીની આર્થિક વાયબિલિટી જળવાઈ રહેશે. સ્થાનિક કક્ષાએ ચાલતા જમીન લે-વેચના ગૂંચવાડાઓનો કાયમી અંત આવશે.

શહેરી વિસ્તારો ટુકડા ધારામાંથી સંપૂર્ણ મુક્ત

હવેથી મહાનગરપાલિકા, નગરપાલિકા અને અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (UDA) ના વિસ્તારોને ટુકડા ધારાની અસરમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે. આનાથી શહેરોમાં બિનખેતી (NA) અને બાંધકામની પ્રક્રિયા અત્યંત ઝડપી અને પારદર્શક બનશે.

નિર્ણયની દૂરોગામી અસરોઃ

ટાઈટલ ક્લિયરઃ હજારો 'બોનાફાઈડ' ખરીદદારોના જમીન ટાઈટલ હવે ક્લિયર થશે.

કોર્ટ કેસોનો નિકાલઃ રેવન્યુ કોર્ટમાં વર્ષોથી લટકતા ટુકડા ધારાના હજારો કેસોનો કાયમી નિકાલ આવશે.

બ્લેકમેલિંગ બંધઃ જમીન માપણી અને ટુકડાના નામે થતી હેરાનગતિ અને આર્થિક શોષણ અટકશે.

આર્થિક ઉન્નતિઃ ખેડૂતોની જમીન હવે વિવાદમુક્ત બનતા તેની આર્થિક કિંમતમાં વધારો થશે અને ધિરાણ મેળવવામાં સરળતા રહેશે.

## રાજ્યને 2025-26માં GST હેઠળ 81,410 કરોડની આવક

ગાંધીનગરઃ રાજ્યના આવકના આંકડાઓમાં માર્ચ-2026 દરમિયાન નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે. રાજ્યને માર્ચ-2026માં GST હેઠળ 7,352 કરોડની આવક પ્રાપ્ત થઈ છે, જે ગત વર્ષના સમાન સમયગાળાની 6,190 કરોડની આવકની સરખામણીએ અંદાજે 18.7 ટકા વધુ છે. નોંધનીય છે કે આ સમયગાળામાં રાષ્ટ્રીય સ્તરે GST આવકનો વૃદ્ધિદર 8.8 ટકા રહ્યો છે. રાજ્યને માર્ચ મહિનામાં GST સિવાય વેટ હેઠળ 2,714 કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ 1,328 કરોડ અને વ્યવસાય વેરા હેઠળ 24 કરોડની આવક નોંધાઈ છે. આમ, માર્ચ-2026 દરમિયાન રાજ્ય કર વિભાગને કુલ 11,418 કરોડની આવક પ્રાપ્ત થઈ છે. વર્ષના કુલ આંકડાઓની વાત કરીએ તો નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન રાજ્યને GST હેઠળ કુલ 81,410 કરોડની આવક થઈ છે, જે ગત વર્ષની સરખામણીએ 11.1 ટકા વધુ છે. આ સમયગાળામાં રાષ્ટ્રીય સ્તરે GST આવકમાં 8.3 ટકાનો વધારો નોંધાયો છે. નાણાકીય વર્ષ દરમિયાન રાજ્યને વેટ હેઠળ 32,677 કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ 12,493 કરોડ અને વ્યવસાય વેરા હેઠળ 266 કરોડની આવક પ્રાપ્ત થઈ છે. આમ, GST સહિતના તમામ કર સ્ત્રોતોમાંથી રાજ્યને કુલ 1,26,846 કરોડની આવક પ્રાપ્ત થઈ છે.

# યુરોપના દેશો અમેરિકામાં રાખવામાં આવેલું ૬,૩૦૦ ટન સોનું કેમ પાછું મંગાવી રહ્યા છે?

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■



કોઈ પણ સંબંધમાં કે વેપારમાં વિશ્વાસ બહુ મોટી ચીજ હોય છે. આપણને જે વ્યક્તિ ઉપર વિશ્વાસ હોય છે, તેને આપણે આપણી આખી જિંદગી કે આપણી કરોડો રૂપિયાની સંપત્તિ પણ સોંપી દેતાં હોઈએ છીએ. તે વ્યક્તિ ઉપર વિશ્વાસ ઊઠી જાય તે પછી આપણે તેને કાણી કોડી પણ સોંપતા નથી. અમેરિકાના આર્થિક સામ્રાજ્યના પાયા હચમચી રહ્યા છે, તેનું મુખ્ય કારણ એ છે કે દુનિયાના દેશોને અમેરિકા ઉપર જે આંધળો વિશ્વાસ હતો, તે વિશ્વાસ હવે ઘસાઈ રહ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની તરંગી, સ્વાર્થી, સ્વકેન્દ્રી અને બેઈમાન નીતિઓને કારણે અમેરિકા સાથે કોઈ પણ જાતનો આર્થિક સંબંધ રાખનારને સતત અસલામતીનો અનુભવ થાય છે. કોઈ કાળે દુનિયાના દેશોએ અમેરિકા ઉપર વિશ્વાસ રાખીને તેને પોતાનું ૬,૩૦૦ ટન સોનું સોંપ્યું હતું, જેને ન્યુયોર્કના વોલ્ટમાં રાખવામાં આવ્યું છે. હવે યુરોપના દેશોને ભય પેદા થયો છે કે અમેરિકા ગમે ત્યારે આ સોનું હજમ કરી જશે, માટે તેઓ પોતાનું સોનું પાછું માગી રહ્યા છે.

અમેરિકાનું ફેડરલ રિઝર્વ ન્યુયોર્કમાં લિબર્ટી સ્ટ્રીટ પરના તેના મુખ્યાલયના ભોંયરામાં, જમીનની સપાટીથી ૨૫ મીટર નીચે વિશ્વભરની કેન્દ્રીય બેંકો, સરકારો અને સંસ્થાઓની માલિકીની પાંચ લાખથી વધુ સોનાની ઈંટોનું રક્ષણ કરે છે. આ ફેડરલ રિઝર્વનું ગોલ્ડ વોલ્ટ છે, જે વિશ્વની સૌથી મોટી ગોલ્ડ ડિપોઝિટરી છે. તેમાં આશરે ૬,૩૦૦ ટન ગોલ્ડ બાર છે, જેની વર્તમાન કિંમત એક હજાર અબજ ડોલરથી વધુ છે. આ તિજોરી ૯૦ ટનના સ્ટીલ સિલિન્ડર દ્વારા સુરક્ષિત છે. એક વાર બંધ થઈ ગયા પછી તેનાં મોટાં તાળાંઓ બીજા દિવસ સુધી ખોલી શકાતાં નથી. આ સોનાનો ભંડાર વૈશ્વિક નાણાંકીય વ્યવસ્થાની સ્થિરતામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, કારણ કે ઘણા દેશો અહીં પોતાનું સોનું સંગ્રહ કરે છે. આ સોનું તેમના ચલણને ટેકો આપવા અને મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે છેલ્લી સુરક્ષિત સંપત્તિ છે. રાજકીય અસ્થિરતા અને ફુગાવાને કારણે નાણાંકીય ઉથલપાથલના સમયમાં સોનાને સલામત રોકાણ માનવામાં આવે છે.

રશિયાની સેન્ટ્રલ બેંક તેના સોનાના ભંડારને તેના પોતાના પ્રદેશમાં રાખે છે, જે તેને પશ્ચિમી પ્રતિબંધોની સંભવિત અસરથી સુરક્ષિત રાખે છે. ઘણા યુરોપિયન દેશો હજુ પણ વિદેશમાં તેમના સોનાના ભંડાર રાખે છે. આમાંના ઘણા દેશોએ પોતાનું સોનું ન્યૂયોર્ક ગોલ્ડ વોલ્ટમાં રાખ્યું છે. ૧૯૫૦ના દાયકામાં યુરોપિયન સોનાના ભંડાર ત્યાં જમા થવા લાગ્યા હતા. તે સમયે, જર્મની અને અન્ય યુરોપિયન દેશો અમેરિકામાં વધુ ને વધુ નિકાસ કરી રહ્યા હતા. તેમને સોના અને ડોલરમાં ચૂકવણી કરવામાં આવતી હતી. સોનું વહાણ કે વિમાનમાં લોડ કરવા અને શિપમેન્ટનો વીમો લેવા માટે પૈસા ખર્ચ થાય છે, તેથી આ દેશોએ વિચાર્યું કે તેને ફેડરલ રિઝર્વ વોલ્ટમાં રાખવું વધુ સારું રહેશે, કારણ કે ત્યાં તેને સંગ્રહિત કરવા માટે કોઈ ફી નથી. ૧૯૪૪માં બ્રેટન વુડ્સ નામના કરાર થયા, જેમાં અમેરિકાના ડોલરને રિઝર્વ કરન્સી તરીકે સ્વીકારવામાં આવ્યો હતો. તે સમયે સોના સાથે ડોલર જોડાયેલો હતો. અમેરિકા કોઈ પણ દેશને ડોલર સામે નિશ્ચિત વિનિમય દર મુજબ સોનું આપવા બંધાયેલું હતું. તેથી સોનું અને ડોલર સૌથી વિશ્વસનીય સંપત્તિ બન્યાં હતાં. યુદ્ધ પછી નબળી પડેલી યુરોપિયન શક્તિઓએ ફેડરલ રિઝર્વની દેખરેખ હેઠળ મુક્ત થાપણનો લાભ લીધો. બીજી બાજુ રશિયાની ધમકીને ધ્યાનમાં રાખીને અમેરિકન રક્ષણ શ્રેષ્ઠ ગેરંટી હતી.

હવે સોવિયેત યુનિયનનું પતન થયું છે. ડોનાલ્ડ ટ્રમ્પના વ્હાઇટ હાઉસમાં પાછા ફરવાથી અમેરિકા અને તેના યુરોપિયન સાથીઓ વચ્ચે દાયકાઓથી ચાલી આવતી સંવાદિતામાં ભંગાણ પડ્યું છે. જર્મની પાસે વિશ્વમાં બીજા ક્રમનો સૌથી મોટો સોનાનો ભંડાર છે, જે અમેરિકા પછી બીજા ક્રમે છે. અમેરિકાના ફેડરલ રિઝર્વ પાસે જર્મનીનું લગભગ ૧,૨૦૦ ટન સોનું છે, જેની કિંમત આશરે ૨૦૦ અબજ ડોલર છે. જર્મનીનું સોનું અમેરિકામાં રાખવા સામે ઘણા ભયજનક અવાજો ઉઠાવવામાં આવ્યા છે. અર્થશાસ્ત્રી ઇમેન્યુઅલ મોન્ચે ન્યૂયોર્કમાં જર્મન સેન્ટ્રલ બેંક દ્વારા રાખવામાં આવેલું સોનું પરત કરવાની માંગણી કરી છે. મોન્ચ માને છે કે તેને પાછું મેળવવાથી જર્મનીને વધુ વ્યૂહાત્મક સ્વતંત્રતા મળશે. તેઓ કહે છે કે વર્તમાન ભૂરાજકીય પરિસ્થિતિને જોતાં અમેરિકામાં આટલો મોટો જથ્થો સોનું રાખવું જોખમી લાગે છે. તેવી જ રીતે, જર્મન ટેક્સપેયર્સ એસોસીએશનના પ્રમુખ માઈકલ જેગરે કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પ તરંગી છે અને આવક વધારવા માટે કંઈ પણ કરવા સક્ષમ છે. તેથી જ આપણું સોનું હવે ફેડરલ રિઝર્વના ખજાનામાં સુરક્ષિત નથી. જો ગ્રીનલેન્ડ અંગે ઉશ્કેરણી ચાલુ રહે તો શું? આનાથી બુન્ડેસબેંકના સોનાની માલિકી ગુમાવવાનું જોખમ વધે છે. તેથી તેણે તેના અનામત સોનાને ઘરે પાછું લાવવું પડશે. આ ચિંતા જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝના પક્ષ અને અન્ય રાજકીય દળો દ્વારા પણ વ્યક્ત કરવામાં આવી છે.

ન્યૂયોર્કમાં સોનાના ભંડાર ધરાવતો જર્મની એકમાત્ર યુરોપિયન દેશ નથી. ઇટાલી અને સ્વિટ્ઝર્લેન્ડનું સોનું પણ ફેડરલ રિઝર્વ પાસે છે. નેધરલેન્ડે ૨૦૧૪ માં ફેડરલ રિઝર્વ પાસે જમા કરાયેલા તેના સોનાના અનામત ભંડોળની ટકાવારી ૫૧ ટકાથી ઘટાડીને ૩૧ ટકા કરી હતી. તે સમયે જર્મનીએ તેનાં કેટલાંક સોનાનાં બિસ્કિટ ઘરે પાછાં મંગાવી લીધાં હતાં, પરંતુ તેના મોટા ભાગનાં સોનાના બિસ્કિટ ન્યુયોર્કની તિજોરીમાં જ રહ્યાં હતાં. આ સમય ગ્રીક દેવાં કટોકટી અને યુરોની કટોકટીનો હતો. ઘણાં વર્ષો પહેલાં, ૧૯૬૦ ના દાયકામાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ચાર્લ્સ ડી ગોલે ડોલરના અચાનક અવમૂલ્યનના ડરથી ફેડરલ રિઝર્વમાં રાખેલી તેમના દેશની સોનાની ઈંટો પાછી મંગાવી લીધી હતી. સમયે તેમને સાચા સાબિત કર્યા હતા. ૧૯૭૧ માં અમેરિકાના રાષ્ટ્રપતિ રિચાર્ડ નિક્સને ડોલરની સોનામાં રૂપાંતરણક્ષમતા નાબૂદ કરી હતી. આનાથી બીજા વિશ્વયુદ્ધના અંતે રચાયેલી આંતરરાષ્ટ્રીય નાણાંકીય વ્યવસ્થા નબળી પડી હતી. આ કારણે ન્યૂયોર્કમાં રાખવામાં આવેલાં સોનાનાં બિસ્કિટની ડોલરમાં કિંમત રાતોરાત નોંધપાત્ર રીતે ઘટી ગઈ હતી.

ફેડરલ રિઝર્વના ગોલ્ડ વોલ્ટમાં હવે પહેલાં કરતાં ઓછું સોનું છે. ફેડરલ રિઝર્વના ડેટા અનુસાર, ૧૯૭૩માં તેના વોલ્ટમાં ૧૨,૦૦૦ ટનથી વધુ સોનું હતું. ત્યારથી ન્યુયોર્ક વોલ્ટમાં સંગ્રહિત આંતરરાષ્ટ્રીય સોનાના ભંડારની માત્રામાં સતત ઘટાડો થયો છે. યુરોપિયનો હજુ પણ ત્યાં સોનું રાખવાના વિચારને સમર્થન આપે છે. જર્મનીમાં IFO ઇન્સ્ટિટ્યૂટ ફોર ઇકોનોમિક રિસર્ચના ક્લેમેન્સ ફ્સ્ટે બ્રિટિશ અખબાર ધ ગાર્ડિયનને જણાવ્યું હતું કે સોનું પાછું લાવવું એ વર્તમાન પરિસ્થિતિમાં આગમાં ઘી ઉમેરવા જેવું હશે અને તેનાં અણધાર્યાં પરિણામો આવી શકે છે.

યુરોપના દેશો દ્વારા તેમના સોનાની અનામતનો અમેરિકામાં સંગ્રહ કરવામાં આવે છે તેમ ભારત જેવા દેશો પોતાના સોનાનો સંગ્રહ લંડનમાં આવેલા બેન્ક ઓફ ઈંગ્લેન્ડના વોલ્ટમાં કરે છે. ૨૦૨૩માં ભારતીય રિઝર્વ બેન્ક પાસે કુલ ૮૮૦ ટન જેટલું સોનું હતું, જેમાંનું ૫૬૪ ટન જેટલું સોનું લંડનના વોલ્ટમાં રાખવામાં આવ્યું હતું. ભારત સરકારને લાગ્યું કે આ સોનું ગમે ત્યારે જોખમમાં મૂકાઈ જાય તેમ છે, માટે તેણે સ્ટીમરો દ્વારા સોનું ભારતમાં લાવવાનું શરૂ કર્યું. ધીમે ધીમે ભારતીય રિઝર્વ બેન્કનું ૨૭૪ ટન સોનું ભારતમાં પાછું આવી ગયું, પણ હજુ બીજું ૨૯૦.૩૭ ટન જેટલું સોનું લંડન તથા ન્યુયોર્કના વોલ્ટમાં છે. ભારત સરકાર આ ૨૯૦.૩૭ ટન સોનું ભારત પાછું લાવવાના પ્રયાસો કરી રહી છે, પણ કોઈ ભેદી કારણોસર તેમાં વિલંબ થઈ રહ્યો છે. જો યુરોપના દેશો પોતાના સોનાની સુરક્ષા બાબતમાં અમેરિકાના ફેડરલ રિઝર્વ પર વિશ્વાસ ન રાખતા હોય તો આપણે બેન્ક ઓફ ઈંગ્લેન્ડ પર વિશ્વાસ રાખ્યા વિના આપણું તમામ સોનું પાછું મંગાવી લેવું જોઈએ.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**આંસુના દરવાજા તરીકે ઓળખાતી આ સામુદ્રધુની હવે વર્તમાન પરિસ્થિતિમાં ખરેખર વિશ્વને હલાવવાની ક્ષમતા ધરાવે છે, કારણ કે વૈશ્વિક વેપારની ગતિ તેની સ્થિરતા પર આધારિત છે**

## BUSINESS મિત્ર

**સેન્સેક્સ 1200 પોઇન્ટ વધ્યો, રોકાણકારોની સંપત્તિમાં 10 લાખ કરોડ રૂપિયાનો વધારો**

# ભારતીય શેરબજારમાં નવા વર્ષની શરૂઆત તેજીથી થઇ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 1 : વૈશ્વિક સારા સંકેતોના પગલે નવા વર્ષના પ્રારંભમાં ભારતીય શેરબજાર તેજી સાથે શરૂઆત કરી છે. યુએસ બેથી ત્રણ અઠવાડિયામાં ઈરાન સાથે સંકળાયેલી તેની લશ્કરી કામગીરીને સમાપ્ત કરી શકે છે એવા ટ્રમ્પે આપેલા સંકેતની પાછળ આજે ભારતીય શેરબજાર ગેપઅપ ઓપનીંગ કરતા જોવા મળ્યા હતા. જેના લીધે રોકાણકારોને રૂ. 10 લાખ કરોડની કમાણી થઇ છે.

મીડલ ઈસ્ટના તણાવમાં સંભવિત ઘટાડાની આશાઓએ ભૌગોલિક રાજકીય ચિંતાઓને હળવી કરી, રોકાણકારોનો વિશ્વાસ વધાર્યો અને બજારોમાં લેવાલી નીકળી હતી, આ દરમ્યાન ક્રુડ ઓઈલના ભાવ ઘટયા હતા અને તે 100 ડોલરની નીચે સરકી જતાં તેજીમય સેન્ટિમેન્ટને મદદ મળી હતી. જોકે, છેલ્લે નફાવસુલી રહેતા થોડોક ઉછાળો ઘસાયો હતો, જેમાં નિફ્ટી 22650ની ઉપર બંધ રહી હતી. જે 22800ની સપાટીની ઉપર ચાલી રહી હતી.

અર્થતંત્રની દ્રષ્ટિએ માર્ચ મહિનાનું જીએસટી કલેકશન બે લાખ કરોડ રૂપિયાથી વધુ વધ્યું છે, જે આર્થિક પ્રવૃતિ વેગવાન છે. માર્ચ મહિનામાં ગ્રોસ જીએસટી કલેકશન 200064 કરોડ રૂપિયા રહ્યું હતું, જ્યારે રિફંડ બાદ ચોખ્ખું કલેકશન રૂ. 177900 કરોડનું હતું. જ્યારે સમગ્ર વર્ષ 2026નું જીએસટી કલેકશન 19.34 લાખ કરોડ રૂપિયા હતું, જે અગાઉના વર્ષે 18.07 લાખ કરોડ રૂપિયા એટલે કે 7.1 ટકા વધુ હતું.

નવા વર્ષની શરૂઆત તેજી સાથે જોવા મળી છે. બીએસઈ સેન્સેક્સ 1186.77 પોઈન્ટ એટલે કે 1.65 ટકા વધીને 73000 પોઈન્ટની સપાટી કુદાવીને 73134.32 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 73964 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જે 72971 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 348 પોઈન્ટ એટલે કે 1.56 ટકા વધીને 22650 પોઈન્ટની સપાટી કુદાવીને 22679.40 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22941 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22618 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1173.30 પોઈન્ટ એટલે કે 2.33 ટકા ઉછળીને 51448.65 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં બેન્ક નિફ્ટીએ 52000 પોઈન્ટની સપાટી કુદાવી હતી.

બીએસઇ ખાતે ગો ડિજીટ જનરલ ઈન્સ્યોરેન્સમાં 7.45 ગણા, ગોદરેજ ઈન્ડ.માં 4.95 ગણા, સન ફાર્મામાં 3.74 ગણા, કોચીન શીપયાર્ડમાં 3.55 ગણા અને ગાર્ડન રીચશીપયાર્ડમાં 3.17 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ગોદરેજ ઈન્ડ.માં 66.11 ગણા ગાર્ડન રીચ શીપબિલ્ડર્સમાં 8.26 ગણા, કોચીન શીપયાર્ડમાં 5.81 ગણા, ટાટા ટેલી(મહારાષ્ટ્ર) માં 5.21 ગણા અને હુન્ડાઇ મોટર્સ ઈન્ડિયામાં 5.08 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુંદર પ્રદર્શન રહ્યું હતું, જેને લાર્જકેપની સરખામણીમાં સારૂં પ્રદર્શન કર્યુ હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 2.25 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 3.44 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહ્યો હતો. બીએસઇ ખાતે 3825 શેરો વધ્યા હતા, જ્યાર 513 શેરો ઘટયા હતા. તથા 103 શેરો યથાવત રહ્યા હતા.

શેરબજારની તેજીની વચ્ચે ફાર્મા શેરોમાં વેચવાલી રહી હતી. નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સ 0.99 ટકા ઘટ્યા હતો. જેમાં ઈપ્કા લેબ્સ, ડો. રેડ્ડીઝ લેબ, જેબી કેમિકલ્સ, ટોરેન્ટ ફાર્મા, સીપલા, લ્યુપીન, સન ફાર્મા, ગ્લેનમાર્ક ફાર્મા, આલ્કેમ લેબ અને ઝાયડસ લાઈફ સાયન્સીસમાં નરમાઈ જોવા મળી હતી, જેની સામે વોકહાર્ટ, લોરસ લેબ્સ અને પિરામલ ફાર્મા વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર પોઝિટિવ ચાલી રહ્યો હોવાથી આજે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહયા છે. ટમ્પે બેથી ત્રણ સપ્તાહમાં યુદ્ધ પુરૂં થઈ જશે, તેવા સંકેત આપતા યુરોપિયન બજારોમાં પણ સુધારાની ચાલ જોવા મળી હતી. સ્પેનનો મેન્યુફેકચરીંગ પીએમઆઇ માર્ચમાં 48.7નો હતો, જે સંકોચાયો હતો, જ્યારે જર્મનીનો 52.2 થયો હતો, જે વૃદ્ધિના સંકેત આપે છે. જાપાનના અપેક્ષા કરતા મજબૂત આર્થિક ડેટા રોકાણકારોના સેન્ટિમેન્ટને ટેકો આપે છે. ચીનનો પીએમઆઇ માર્ચમાં ઘટીને 50.8 પર આવી ગયો છે, જે 51.6ની અપેક્ષાઓને ચુકી ગયો હતો અને ફેબ્રુઆરીના 52.1થી નીચે હતો.

ડોનાલ્ડ ટ્રમ્પની ટીપ્પણીઓથી એ સ્પષ્ટ થાય છે કે બે કે ત્રણ અઠવાડિયામાં સંઘર્ષ ઘટી શકે છે. જેના લીધે એશિયન બજારોમાં શાનદાર ઉછાળો જોવાયો હતો. એશિયન બજારોમાં નીક્કી 4.61 ટકા, સ્ટ્રેઈટસ 1.82 ટકા, હેંગસેંગ 2 ટકા, તાઈવાન 4.38 ટકા, કોસ્પી 7.78 ટકા, જકાર્તા 1.90 ટકા અને શાંઘાઈ 1.44 ટકા ઉછળ્યા હતા. યુરોપિયન બજારોમાં એફટીએસઇ 2.05 ટકા, કેક 2.01 ટકા અને ડેક્સ 2.64 ટકા ઉછાળા સાથે ચાલી રહ્યા છે.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 1186.77 | 73134.32 |
| નિફ્ટી | 348.00 | 22679.40 |
| બેન્ક નિફ્ટી | 1173.30 | 51448.65 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 7.00 | 3526.50 |
| ઇન્ટરગ્લોબ | 6.02 | 4180.80 |
| અદાણી પોર્ટસ | 5,55 | 1385.40 |
| અદાણી એન્ટર | 4.76 | 1842.50 |
| બીઇએલ | 4.51 | 418.70 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ડો. રેડ્ડીઝ લેબ | 3.61 | 1209.60 |
| HDFC લાઇફ | 2.99 | 572.95 |
| સીપલા | 2.31 | 1195.90 |
| સન ફાર્મા | 1.63 | 1728.50 |
| એનટીપીસી | 1.62 | 364.65 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 6.74 | 3516.75 |
| ઇન્ટરગ્લોબ | 6.01 | 4180.90 |
| અદાણી પોર્ટસ | 5.47 | 1385.20 |
| બીઇએલ | 4.54 | 418.80 |
| એસબીઆઇ | 3.89 | 1017.90 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 1.64 | 1728.45 |
| એનટીપીસી | 1.64 | 364.85 |
| પાવરગ્રીડ | 1.13 | 292.85 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.29 | 10713.40 |
| ભારતી એરટેલ | 0.13 | 1782.00 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ ’’ | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ ’’ | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૩૦ | કોપરેલ | ૫૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૩૦ | વનસ્પતિ ઘી | ૨૪૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૦ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૫૮૦ | તલતેલ | ૪૯૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૩૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૭૫૦ |
| તેજાબી સોનું | ૧૫૫૬૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૯૬૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૨૬૩૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૭૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૫૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૭૦૦૦ |

# આરબીઆઇની એમપીસીની બેઠકમાં વ્યાજદર ઘટાડશે?

**મીડલ ઇસ્ટના યુદ્ધથી પરિસ્થિતિ બદલાઇ ગઇ, મોંઘવારી વધવાની ભીતિએ વ્યાજદરમાં ફેરફાર કરવાની શક્યતા નથી**

નવી દિલ્હી, તા. 1: આગામી 6થી 8મી એપ્રિલના રોજ આરબીઆઈની મોનીટરીંગ પોલિસીની બેઠક મળનારી છે. આ બેઠકમાં આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરશે તે અંગે દ્વિધા જોવાઈ રહી છે. એક તબક્કે ઝડપી વૃદ્ધિ સાથે ભારત આગેકૂચ કરતી હતી, પણ અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધના લીધે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. યુદ્ધની સૌથી મોટી અસર ક્રુડ ઓઈલના ભાવ પર પડી છે. હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાના કારણે ક્રુડના ભાવ આસમાને પહોંચ્યા છે. આવી સ્થિતિમાં એપ્રિલ મહિનાની આબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરે તેવા સંકેતો દેખાતા નથી.

મીડલ ઈસ્ટના યુદ્ધને એક મહિનો થઈ ગયો છે, જો યુદ્ધ ચાલુ રહેશે તો ફુગાવો ફરીથી નિયંત્રણની બહાર નીકળી શકે છે. જોકે, હાલમાં મોંઘવારી દર નિયંત્રણમાં છે.

ક્રુડ ઓઈલના ભાવ વધવાના કારણે લોજિસ્ટીક્સ ખર્ચમાં વધારો થયો છે. જેના કારણે ઘણી વસ્તુઓના ભાવમાં વધારો થાય છે. આવી સ્થિતિમાં આરબીઆઈ માટે ફુગાવા પર ફરીથી નિયંત્રણ રાખવું એક પડકાર હશે. કેન્દ્રીય બેન્ક વિશ્વની અન્ય કેન્દ્રીય બેન્કોના પગલાંઓ પણ જોવા માગે છે. મીડલ ઈસ્ટમાં લડાઈને જોતાં ઘણા દેશોની કેન્દ્રીય બેન્કો તેમના ફુગાવાના અંદાજમાં ફેરફાર કરી શકે છે.

આ ઉપરાંત, રૂપિયો પણ નબળો પડતો જોવા મળી રહ્યો છે, જે નાણાકીય વર્ષ 2025-26માં રૂપિયાનું મુલ્ય લગભગ 10 ટકા ઘટ્યું છે. જે છેલ્લા દાયકાનો સૌથી મોટો વાર્ષિક ઘટાડો છે. રૂપિયો નબળો પડીને 94-95 પર આવી ગયો છે. જે એક ચિંતાનો વિષય છે. આ વખતે વ્યાજદરમાં કોઈ ફેરફાર કરશે નહીં, પણ ફુગાવો કાબુ બહાર જશે, તો વ્યાજદરમાં વધારો કરવો પડી શકે છે. જેનો નિર્ણય આગામી બેઠકમાં થાય તેવી સંભાવના છે, તેમ નિષ્ણાતો માની રહ્યા છે.

# અનિલ અંબાણીની મુશ્કેલી વધી, CBIએ નવી FIR નોંધી

**અનિલ અંબાણી, પુર્વ ડિરેક્ટર વિરૂદ્ધ રૂ. 1085 કરોડની છેતરપિંડીનો કેસ નોંધ્યો**

નવી દિલ્હી, તા. 1: જાણીતાઉદ્યોગપતિ અનિલ અંબાણીની મુશ્કેલીઓ ફરી વધી ગઈ છે. કારણ કે સીબીઆઈએ તેમની વિરૂદ્ધ નવી એફઆઈઆર નોંધી છે. એએનઆઈના જણાવ્યા અનુસાર, સીબીઆઈએ કથિત બેંક છેતરપિંડી કેસમાં રિલાયન્સ કોમ્યુનિકેશન્સ લિમિટેડ અને અનિલ અંબાણી વિરૂદ્ધ નવી એફઆઈઆર દાખલ કરી છે.

આ પહેલા સીબીઆઈએ ઉદ્યોગપતિ અનિલ અંબાણી, રિલાયન્સ કોમ્યુનિકેશન્સ લિમિટેડ (આરકોમ) અને કંપનીના ભૂતપૂર્વ ડિરેક્ટર વિરૂદ્ધ 1085 કરોડ રૂપિયાથી વધુની કથિત બેંક છેતરપિંડી મામલે નવો ફોજદારી કેસ નોંધ્યો હતો. પંજાબ નેશનલ બેંકની ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

આ પહેલા સીબીઆઈએ 5 માર્ચે કેસ નોંધ્યો હતો, જ્યારે પંજાબ નેશનલ બેંકે આરોપ લગાવ્યો હતો કે લોન લેનારાઓએ 2013થી 2017ની વચ્ચે બે સરકારી બેંકો સાથે છેતરપિંડી કરી હતી. કથિત કૌભાંડથી પીએનબી અને યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયાને કુલ 1085.19 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

આ પહેલા નોંધાયેલી એફઆઈઆરમાં અનિલ અંબાણી, આરકોમ અને કંપનીના પૂર્વ ડિરેક્ટર મંજરી અશોક કક્કરને આરોપી બનાવવામાં આવ્યા છે. આ લોકો પર લોનની સુવિધા મેળવવા માટે ષડયંત્ર રચવાનો અને બાદમાં લોનની રકમનો દુરૂપયોગ અથવા ભંડોળના ડાયવર્ઝનનો આરોપ છે.

તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, લોન લેનારાઓએ બેંકો પાસેથી લોન લીધી હતી પરંતુ બાદમાં લોન અને નાણાકીય નિયમોની શરતોનું ઉલ્લંઘન કર્યું હતું. જેના કારણે 2017માં આ લોન ખાતાઓને એનપીએ જાહેર કરવામાં આવ્યા હતા. ફેબ્રુઆરી 2021માં, આ ખાતાઓને છેતરપિંડી તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા.

આરકોમ, જે એક સમયે દેશની સૌથી મોટી ટેલિકોમ કંપનીઓમાંની એક હતી, ભારેદેવું અને નાણાકીય સંકટને કારણે નાદારીની પ્રક્રિયામાંથી પસાર થઈ રહી છે.